## હિંમતનગર ખાતે રાષ્ટ્રના સાચા નાયકો પ્રત્યે કૃતજ્ઞતા બતાવવા

# સોલ્જેરાથોન ૨૦૧૮ ઈવેન્ટ યોજાઈ



હિંમતનગર, તા. ૧૩

ભારતીય સશસ્ત્ર દળોના શહીદોના સ્મરણાર્થે અને માતૃભૂમિ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર રાષ્ટ્રના સાચા નાયકો આપણા સૈનિકો અને તેમના બાળકોના શિક્ષણાર્થે પોતાની કૃતજ્ઞતા બતાવવા હેન્ડસ ટુ હેન્ડ્સ ફાઉન્ડેશન, એન.એમ.ઓ. હિંમતનગર તેમજ અમદાવાદના શિવમ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી રવિવારે સવારે હિંમતનગરમાં સોલ્જેરાથોન ૨૦૧૮ ઈવેન્ટ યોજાઈ હતી. જે ઈવેન્ટમાં ૫૦૦થી વધુ દોડવીરોએ ભાગ લઈ દેશની અખંડિતતા, એકતા, સાર્વભોમત્વ અને સલામતી માટે યુદ્ધના ઘાયલ તેમજ શહીદ થયેલા સૈનિકો, તેમના બાળકો અને પરિવાર માટે દેશભક્તિ દ્વારા પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

માતૃભૂમિ માટે બલિદાન આપનાર ભારતીય સશસ્ત્ર દળોના શહીદવીરોના સ્મરણાર્થે રવિવાર સવારે હિંમતનગરના કર્મધામથી મોદી ગ્રાઉન્ડ સુધી ૩ કિ.મી.ની મેરેથોન દોડ યોજવામાં આવી હતી. મેરેથોન દોડનું આયોજન હિંમતનગર હેન્ડસ ટુ હેન્ડ્સ ફાઉન્ડેશન, એન.એમ.ઓ. તેમજ અમદાવાદના શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરાયુ હતુ. જે મેરેથોનમાં હિંમતનગર મેડીકલ કોલેજના વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, નિવૃત્ત સૈનિકો, યુવાનો સાથે વિવિધ સંસ્થાના વડાઓ મળી ૫૦૦થી વધુ દોડવીરોએ ભાગ લીધો હતો. શિવમ ચેરીટેબલ ટ્રસ્ટના અગ્રણી જશવંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, મેરેથોનનો ઉદ્દેશ યુદ્ધમાં શહીદ થયેલ તેમજ ઘાયલ થયેલ આપણા સૈનિકોની દેશની રક્ષા માટે અપાયેલ સેવાને આપણે સદૈવ યાદ રાખીએ અને શહીદ સૈનિક પરિવારોના બાળકોના શિક્ષણ સાથે સારા ભવિષ્યને સુરક્ષિત કરવા દેશનો સમગ્ર સમાજ પણ પોતાની કૃતજ્ઞતાથી કટિબદ્ધ બને તે માટેનો છે. ઈવેન્ટ દ્વારા આવનાર ફંડ આર્મ્ડ ફોર્સ મેડીકલ કોલેજ પુના કે જ્યાં આર્ટીફીશીયલ લિંબ સેન્ટર કે જ્યાં કૃત્રિમ અંગો સૈનિકોએ ગુમાવેલા અંગોનો ભાગ બની શકે અને સામાન્ય જીવન જીવી શકે તેવા મા ભારતીનું રક્ષણ કરતા કરતા શહીદ થયેલ સૈનિકોના બાળકોને ઉચ્ચ શિક્ષણ પરૂ પાડે તેવી સંસ્થાઓમાં અપાશે.

હિંમતનગરમાં યોજાયેલ સોલ્જેરાથોન મેરેથોન દોડ મોદી ગ્રાઉન્ડમાં સંપન્ન થયા બાદ યોજાયેલા જાહેર કાર્યક્રમમાં ભારતીય સશસ્ત્ર દળોમાં સેવા બજાવી યુદ્ધમાં ઘાયલ થયેલા યોદ્ધા સૈનિકોના પરાક્રમ સાથે શહીદ થયેલા શહીદવીરોની વીરગાથાના વાસ્તવિક પ્રસંગોથી દોડવીરોને માહિતગાર કરાયા હતા. આ પ્રસંગે આર.એસ.એસ.ના અગ્રણી પરેશભાઈ જોષી, જશવંતભાઈ પટેલ, ડૉ. કુર્મીએ દેશની અખંડિતતા, સાર્વભૌમત્વ અને આપણા સૌની સલામતી માટે ચોવીસે કલાક સેવા આપનારા બહાદૂર સૈનિક યોદ્ધાઓની બહાદુરી, પરાક્રમ અને બલિદાન ગાથાને ક્યારેય ન ભુલી તેમના પરિવારો સાથે સાચી કૃતજ્ઞતા દર્શાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે આર.એસ.એસ.ના અગ્રણી રમેશભાઈ સોરડીયા, ના.સ. બેંકના ડિરેક્ટર નલીનભાઈ પટેલ (યામાહા), પરીમલભાઈ પંડિત, સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. જયંત ઉપેરીયા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પરમ વંદનીય સંત વિશે અભિનંદનીય વિશેષાંક : ''પારસમણિ પ્રમુખ સ્વામી''



પાટનગરના પોતાના અખબારે તા. ૧૨ માર્ચે તેની સફળ યાત્રાનાં ૩૨ વર્ષ પૂરાં કરી, તેત્રીસમાં વર્ષમાં પ્રવેશ કર્યો. 'ગાંધીનગર સમાચાર' દૈનિકની, તેની વર્ષગાંઠની ઉજવણીને યાદગાર બનાવવાની આગવી-આવકાર્ય રીત છે. છેલ્લાં સાત વર્ષથી દૈનિક તેના જન્મદિને એક વિશેષાંક પ્રગટ કરે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, સરદાર પટેલ, ઝવેરચંદ મેઘાણી એવી એવી આપણી મહાન વિભૂતિઓ વિશેના તેના વિશેષાંકોની હારમાળામાં, આ ૧૨ માર્ચે પણ 'ગાંધીનગર સમાચાર'એ વધુ એક સમૃદ્ધ-સુંદર-આકર્ષક વિશેષાંક પ્રગટ કરી, પોતાની ઉજ્જવળ પરંપરામાં વધુ એક છોગુ ઉમેર્યુ છે.

આ વિશેષાંક એટલે ''પારસમણિ પ્રમુખ સ્વામી'' પરમ વંદનીય, પ્રાતઃ સ્મરણીય, વર્તમાન યુગમાં નવઘડતરનું મહાકાર્ય કરનાર, બીએપીએસના વડા બ્રહ્મલીન પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજશ્રીના યોગે અસંખ્ય લોકોએ તેમના જીવનમાં આધ્યાત્મિક, નૈતિક, સર્વાંગી પરિવર્તન અનુભવ્યા છે. પ્રમુખ સ્વામી મહારાજશ્રીના મૂલ્યો, તેમની સરળતા ને સાદગીને પ્રજાકલ્યાણલક્ષી બહુવિધ કાર્યો, નાત-જાત-ધર્મ-દેશના સીમાડા વટાવીને અગણિત લોકોના હૃદયને સ્પર્શ્યા છે. એ રીતે, જેમ પારસમણિના સ્પર્શથી કથીર કંચન બની જાય છે, તેમ જ પ્રમુખ સ્વામીના દર્શન-સ્મરણથી લોકોએ દિવ્ય શાંતિ અને પરમ ચેતનાની અનુભૂતિ કરી છે. આવા પારસમણિ સમા પૂ. પ્રમુખ સ્વામી મહારાજશ્રી વિશે પ્રગટ કરાયેલ ખાસ અંક વાંચકો માટે તો મોટી મૂડી સમાન છે જ, પરંતુ 'ગાંધીનગર સમાચાર' દૈનિક માટે વિશેષ ગૌરવ બક્ષનારો બની રહે છે.

આપણાં નામી-મોટા ગજાનાં દૈનિકોએ તેમના વાર્ષિક અંક પ્રસિદ્ધ કરવાની જૂની પરંપરા હતી. છેલ્લાં ઘણાં વર્ષોથી આ પરંપરા ભૂલાઈ છે. એવા સમયે પ્રમાણમાં નાનું કહેવાય એવું, ગાંધીનગરનું પ્રથમ પૂરા કદનું દૈનિક પત્ર પોતાનો વિશેષાંક પ્રગટ કરવાનું શરૂ કરે અને એ સરાહનીય ઉપક્રમને સાતત્યપૂર્ણ રીતે ૭-૭ વર્ષો સુધી સુપેરે બરકરાર રાખે એ નાની સુની વાત નથી જ... અને આ વર્ષે પણ વાંચકો માટે અતિ ઉપયોગી અને સંગ્રહવા યોગ્ય એવો, 'પુરુષોત્તમ' પ્રમુખ સ્વામી મહારાજશ્રી વિશે ઉત્તમ વિશેષાંકનું પ્રકાશન અભિનંદનીય કાર્ય છે.

પૂ. પ્રમુખ સ્વામીશ્રી સ્નેહ-કરૂણા નિતરતાં નયન કમળ, સૌને પોતાનાં બનાવી દેતુ સંમોહક સ્મિત વેરતા, પ્રભાવક મુખારવિંદની તસવીરે મઢ્યા આકર્ષક મુખપૃષ્ઠથી શોભતા પ્રસ્તુત વિશેષાંક ઉપર નજર માત્રથી આપણામાં દિવ્ય-અલૌકિક 'વાઈબ્રેશનન્સ'નો સંચાર થયા વિના રહેતો નથી.

તો પાને પાને મુકાયેલી મહારાજશ્રીની વિવિધ મદ્રાઓ, વિવિધ પ્રવૃત્તિઓની ઝાંખી કરાવતી, અલભ્ય તસવીરો તથા પ્રત્યેક લેખ સાથે, આ વિરલ સંતને પૂર્વ રાષ્ટ્રપતિશ્રી, વડાપ્રધાનશ્રી, બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટર, દેશના અને વિદેશના મહાનુભાવો, ઉદ્યોગપતિઓ, સાહિત્યકારો, અગ્રણીઓ દ્વારા અર્પણ કરાયેલ 'ભાવવંદના'ની સુંદર, ઉભા સ્થંભમા બોક્ષમાં કરાયેલી ગોઠવણી વિશેષાંકને આકર્ષક જ નહીં, પૂ. પ્રમુખ સ્વામી મહારાજશ્રી વિશે વધુ ને વધુ બહોભાવ પ્રગટાવનારી બની રહી છે.

બીએપીએસના વર્તમાન વડા પૂ. મહંતસ્વામી મહારાજશ્રીના મનનીય આશીર્વચન તથા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના પ્રેરક સંદેશ સાથે આરંભાતા આ વિશેષાંકને ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠ સર્જકોની કલમનો લાભ મળ્યો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંતો પૂ. ઈશ્વર ચરણદાસ સ્વામી, પૂ. બ્રહ્મવિહારી સ્વામી, પૂ. આનંદ સ્વરૂપદાસ સ્વામી, પૂ. અક્ષર વત્સલ સ્વામી અને તેમના લેખોમાં પૂ. પ્રમુખસ્વામી મહારાજશ્રીના જીવન-કાર્યોની, તેમના સંતત્વની-શ્રદ્ધા-ભક્તિ-પરાભક્તિની અને તેમના હૃદયમાં વસેલી મંગળકારી ભાવનાની આપણને સરસ-વિગતે જાણકારી આપી છે. સાથે જ મહાન વૈજ્ઞાનિક અને પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, સર્વશ્રી લોક સાહિત્યકાર દોલત ભટ્ટ, સમર્થ સાહિત્યકારો ડૉ. ચંદ્રકાંત શેઠ, ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પરમાનંદ ગાંધી, વહીવટી નિષ્ણાંત અને રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરી, સનદી અધિકારી ભાગ્યેશ જહા, ડૉ. હરિ દેસાઈ, ડૉ. કેશુભાઈ દેસાઈ, અજય ઉમટ, ધીમંત પુરોહિત, કેતન મિસ્ત્રી, કેળવણીકાર સી.એલ. પટેલ, પૂર્વ મંત્રી મહેન્દ્ર ત્રિવેદી, વાર્તાકાર નટવર હેડાઉ, નટવર આહલપરા, કવિ અરૂણ ગોસ્વામી, ધ્વનિલ પારેખ, કટાર લેખક અને પત્રકાર ડૉ. પ્રણવ દવે, દિનેશ દેસાઈ, સામાજિક અગ્રણી અશોક ભાવસાર વગેરેના લેખો સુંદર છે. 'બાપા'ના વિરલ વ્યક્તિત્વ માટે નવતર અને ઉમદા વાંચનસામગ્રી પૂરી પાડનાર છે. આ લેખકોએ પૂ. પ્રમુખ સ્વામી મહારાજશ્રી સાથેના પોતાનાં અંગત પ્રસંગો-મુલાકાતો આધારે આ વિરલ વિભૂતિનાં પવિત્રતા, અગાધ આધ્યાત્મિકતા, સહજતા-સાદગી, અજોડ સમાજસેવા, સંસ્કાર સિંચન, સમરસતા, સાહિષ્ણુતા, નિસ્વાર્થતા સૌને સરખા ગણવાનો માનવીય અભિગમ, માનવ કલ્યાણની ઉદાત્ત ભાવના અને આ બધાં ગુણોને ચરિતાર્થ કરતાં તેનો સાક્ષાત્કાર કરાવતાં એમના વંદનીય કાર્યોને પ્રવાહી-રસાણ શૈલીમાં ઉજાગર કર્યો છે તે આ બધા લેખોની વિશિષ્ઠતા છે.

'બાપા'નું જીવન અને એમનાં સદકાર્યો એવાં છે કે એમના વિશેનો પ્રત્યેક લેખ વાંચતા પૂ. પ્રમુખ સ્વામી મહારાજશ્રી પ્રત્યેનો આપણો આદર-અહોભાવ અનેકગણો વધી જાય છે. અને આપણામાં 'પોઝિટિવિટી'નો હકારાત્મક-માનવતાવાદી વિચારો-કાર્યો માટેનો એવો સજ્જડ ભાવ સંચાર થાય છે કે હાથમાં લીધેલો અંક પૂરો વાંચ્યા વિના મૂકી શકાતો નથી. આ વિશ્વ વંદનીય વિભૂતિ વિશેના, સુંદર-આકર્ષક-સમૃદ્ધ ને પ્રેરણાદાયી અંકના પ્રકાશન માટે 'ગાંધીનગર સમાચાર' દૈનિક અને તેના મેને. તંત્રી શ્રી કૃષ્ણકાન્તભાઈ જહા અને ટીમને ખૂબ ખૂબ અભિનંદન... વિશેષાંકની સુંદર સજાવટ-ડિઝાઈનીંગ-લેખાઉટ માટે ભાઈ હિરેન ભટ્ટને વિશેષ અભિનંદન.

- પ્રકાશ લાલા

## મોડાસા માર્કેટયાર્ડની ચૂંટણીમાં ૮ બેઠક પર ખેડૂત પ્રતિનિધિઓની ઉમેદવારીથી ગરમાવો

### મોડાસા માર્કેટયાર્ડની ૧૩ બેઠકોની ચૂંટણી ૨૭ માર્ચે યોજાશે



મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લાની મુખ્યમથક મોડાસા આવેલી જીલ્લાની પ્રતિષ્ઠિત મોડાસા માર્કેટયાર્ડ ચૂંટણીના જાહેરનામા સાથેજ રાજકીય માહોલ ગરમાયો હતો. ૧૩ બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવા માટે ભારે ધસારો જોવા મળ્યો હતો. ખેડૂત પ્રતિનિધિઓની ૮ બેઠક માટે અરવલ્લી ખેડૂત સમાજે ચૂંટણીજંગમાં ૮ પ્રતિનિધિની પેનલ સાથે ફોર્મ ભરી ઝંપલાવતા મોડાસા માર્કેટયાર્ડની ચૂંટણીમાં ભૂકંપ સર્જાયો હતો.

ખેડૂત સમાજની પેનલ જીલ્લાના ખેડૂતોને થતા અન્યાય અને હક માટે ચૂંટણી જંગમાં જંપલાવ્યું હોવાનું જણાવ્યું હતું. ખેડૂત સમાજની પેનલે ચૂંટણી જંગમાં જંપલાવતાં સત્તાધારી પેનલમાં હડકંપ મચ્યો હતો. ખેડૂત વેપારી અને સંઘ મંડળના ૮૬૬ મતદારો પોતાના પસંદગીના ૧૩ ઉમેદવારોને ૨૭ માર્ચે યોજાનાર મતદાનમાં મત આપી મોડાસા માર્કેટયાર્ડની સત્તાની ધુરા સોંપશે.

મોડાસા માર્કેટયાર્ડની ચૂંટણીઓ જાહેર થતા ઉમેદવારોએ ૧૩ બેઠકોની ચૂંટણી માટે ઉમેદવારી કરવા માટે ભારે ઉત્સાહ સાથે ઉમટી પડ્યા હતા અને ૧૫૦થી વધુ ઉમેદવારોએ ટેકેદારો સાથે મોડાસા માર્કેટયાર્ડમાં ખાતે ઉમટી પડ્યા હતા અને ઉમેદવારી નોંધાવી હતી. મોડાસા માર્કેટયાર્ડના ચૂંટણી માટે ખેડૂત વિભાગની ૮ બેઠકો, વેપારી વિભાગની ૪ બેઠકો અમે સહકાર(સંઘ)ની ૧ બેઠક મળી કુલ ૧૩ બેઠકો માટે મંગળવારે ઉમેદવારી ફોર્મ ભરવા માટે ભારે ધસારો જોવા મળ્યો હતો. અરવલ્લી ખેડૂત સમાજના પ્રમુખ નિકુલ પટેલે મોડાસાના ખેડૂતો સાથે રહી ખેડૂત પ્રતિનિધિની ૮ બેઠકો માટે પેનલ બનાવી ઉમેદવારી નોંધાવી હતી.

મોડાસા માર્કેટયાર્ડના ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારી ફોર્મ ભરવાની ૧૩ માર્ચે પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૧૪ માર્ચે ઉમેદવારી ફોર્મની ચકાસણી હાથ ધરાયા બાદ ૧૭ માર્ચે ઉમેદવારી પરત ખેંચાયા બાદ ચૂંટણી જંગના મેદાનોમાં કોની કોની વચ્ચે જંગ જામશે તેનું ચિત્ર સ્પષ્ટ થશે.

## મોડાસા કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન

મોડાસા, તા. ૧૩

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત શ્રી બંસીલાલ હિરાલાલ ગાંધી બીબીએ કૌલેજ, માતૃશ્રી લલીતાબેન જમનાદાસ ગાંધી (બાકોરવાળા) બી.સી.એ. અને ડૉ. એન. જે. શાહ પી.જી.ડી.સી.એ. કોલેજ તથા શ્રીમતિ વી.વી. શાહ એમ.એસ.સી.



(સી.એ. એન્ડ આઈ.ટી.) કોલેજનો તા. ૧૨-૩-૨૦૧૮ને સોમવારના રોજ શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદીના અધ્યક્ષસ્થાને વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ઉદ્ઘાટન તરીકે શ્રુતિ ચારણ (આઈ.એ.એસ.) ડીડીઓ અરવલ્લી જીલ્લો તથા મુખ્ય મહેમાન તરીકે ડૉ. અપૂર્વ રાવલ શાહ (સ્પીકર, પૂર્વ નાયબ નિયામક-જીટીયુ) ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે સુચનો કર્યા હતા. અતિથિ વિશેષ તરીકે કેળવણી મંડળના માનદમંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા સુરેન્દ્રભાઈ જે. શાહ જેવા મહાનુભાવોની ઉપસ્થિતિમાં રહી હતી. કાર્યક્રમના આરંભમાં બીબીએ કોલેજના કા. આચાર્ય તુષારભાઈ એમ. ભાવસારે તમામ મહેમાનોને આવકાર્યા હતા. મંચસ્થ મહેમાનોએ વર્ષ દરમિયાન શિક્ષણક્ષેત્રે રમતગમત ક્ષેત્રે સફળતા મેળવનાર અને કોલેજ તથા યુનિ.ની પરીક્ષામાં પ્રથમ, બીજો અને ત્રીજો નંબર મેળવનાર તમામ વિદ્યાર્થીઓ ઈનામ વિતરણ કરી પ્રોત્સાહીત કર્યા હતા. આ તમામ પ્રવૃત્તિઓ બીરદાવવામાં આવી હતી. વધુમાં કેળવણી મંડળના પ્રમુખના હસ્તે મોડાસા શહેરના વરિષ્ઠ પત્રકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. બી.સી.એ. કોલેજના કા. આચાર્ય રાજેશભાઈ મકવાણાએ વર્ષ ૨૦૧૬-૧૭ના વાર્ષિક અહેવાલ રજુ કર્યા હતા. કા. આચાર્ય પરિમલ એમ. શાહે વિદ્યાર્થીઓને આઈ.ટી. તથા મેનેજમેન્ટ જીવનમાં કઈ રીતે ઉપયોગ થાય તે વિષય પર માર્ગદર્શન આપ્યુ હતુ. કાર્યક્રમની આભારવિધિ કા. આચાર્ય પરિમલ એમ. શાહે કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. અંકિતા ચૌહાણ, પ્રા. જુનેદભાઈ સાબલીયા, પ્રા. ભૌમિકભાઈ કોઠારીએ કર્યુ હતુ.

## જંગ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પછી કોંગ્રેસના ઉમેદવારોની ચકાસણીની કામગીરી શરૂ થઈ હતી.

અમીબેન યાજ્ઞિક બાદ પી.કે. વાલેરાના ફોર્મ માન્ય રહ્યા બાદ નો ડ્યુના પ્રમાણપત્રને લઈ ભાજપે કોંગીના ઉમેદવાર નારાયણ રાઠવાની ઉમેદવારી સામે વાંધાઓ ઉપસ્થિત કર્યા હતા. બન્ને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ચૂંટણી અધિકારીએ તેમનુ ઉમેદવારીપત્ર પણ માન્ય રાખવામાં આવે છે તેવી જાહેરાત કરી હતી.

ચૂંટણી અધિકારીની કચેરીની બહાર કોંગ્રેસના અગ્રણી શક્તિસિંહ ગોહિલે પ્રતિભાવ આપતાં કહ્યુ હતુ કે સત્યનો વિજય થયો છે.

હવે ૧૫મીએ આખુ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ૧૫મીએ ઉમેદવારીપત્ર પાછુ ખેંચવાનો અંતિમ દિવસ છે.

રાજકીય વર્તુળોનું માનીએ તો ભાજપમાંથી રજની પટેલ અને કીરીટસિંહ રાણા ઉમેદવારીપત્ર પાછુ ખેંચી લેશે જ્યારે કોંગ્રેસમાંથી પી.કે. વાલેરા પણ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેશે. બન્ને પક્ષો હાલ ચૂંટણીના મૂડમાં દેખાતા નથી.

## રાજીનામાથી ભૂકંપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાબત ધ્યાને લેતા પેથાપુર નગરપાલિકા દ્વારા ચૂંટાયેલા ૧૭ સભ્યો અને પ્રમુખે મંત્રીઓના જાહેર નિવેદનો પેથાપુર શહેરમાં મશ્કરી બની જતા ભારતીય જનતા પાર્ટીમાંથી પેથાપુરના હિત માટે પાર્ટીમાંથી જિલ્લા પ્રમુખને રાજીનામા ધરી દીધા છે અને ભવિષ્યમાં આવનારી તમામ ચૂંટણીમાં આ ખોખલા પક્ષને કોઈપણ પ્રકારની મદદ નહિ કરવાનું અને ડમ્પીંગ માટે સરકાર સામે તમામ પ્રકારે આરપારની લડાઈ લડી લેવાના મૂડમાં છે.

## વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

### ● ગાંધીનગર જિલ્લામાં રાહતદરે જમીન મેળવવા માટે ૮ સંસ્થાઓની માંગણી

ગાંધીનગર શહેરમાં કઈ સામાજિક સંસ્થાઓને રાહત દરે જમીન મેળવવાની માંગણી પડતર છે? બાપુનગરના ધારાસભ્ય હિંમતસિંહ પટેલે પુછેલા પ્રશ્નના જવાબમાં મહેસુલમંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં કુલ ૮ સંસ્થાઓને રાહત દરે જમીન મેળવવા માંગણી કરી છે. જેમાં શ્રી સ્વામિનારાયણ સર્વોપરી સિધ્ધાંત દિગ્વિજય ટ્રસ્ટ. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શ્રી બાલાજી મંદિર, શ્રી બાલાજી ટેમ્પલ ટ્રસ્ટ, શ્રી ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, રાહીત સમાજ સેવા વિકાસ પરિષદ, શ્રી બ્રાહ્મણ સુવર્ણકાર સેવા સમિતિ, ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજને જમીન મેળવવા માંગણી કરી છે. જયારે શ્રી બ્રાહ્મણ સુવર્ણકાર સેવા સમિતિની માંગણી બે વર્ષથી વધુ સમયથી પડતર છે.

### ● આંતરજ્ઞાતિય લગ્ન માટે ૧૫ લાખની સહાય

ગાંધીનગર જિલ્લામાં ડો સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અન્વયે એક વર્ષમાં કેટલી અરજીઓ મળી દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યા મુજબ આ અન્વયે કુલ ૩૧ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૩૦ મંજુર કરવામાં આવી છે. જેમાં ૧૫ લાખની સહાય ચુકવવામાં આવી છે.

### ● જિલ્લામાં અનુજાતિના ૪૨ છાત્રાલયોમાં ૧૯૨૯ છાત્રો

જિલ્લામાં અનુસુચિત જાતિના બાળકો માટે કુલ કેટલા છાત્રાલય છે. તેમજ તેમાં કેટલા છાત્રો અભ્યાસ કરે છે ? ગાંધીનગરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યા મુજબ સરકારી છાત્રાલય ૨ છે. જયારે ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય ૪૦ છે. જયારે સરકારી છાત્રાલયોમાં ૨૩૯ અને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય ૧૬૯૦ છે. જયારે છેલ્લા બે વર્ષમાં છાત્રાલયોમાં સુવિધા ન મળવાની કોઈ ફરિયાદ મળી નથી.ગાંધીનગર જિલ્લામાં અનુસુચિતજાતિના બાળકો માટે રજીસ્ટર્ડ ટ્રસ્ટો દ્વારા નવિન છાત્રાલયની માંગણી કરવામાં આવી છે કે કેમ જયારે આ પૈકી કેટલી અરજી મંજુર કરવામાં આવી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના વધુ એક પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ છાત્રાલયની માંગણી કરવામાં આવી છે. જયારે આ અન્વયે ગાંધીનગર તાલુકામાંથી ૨ અને દહેગામ તાલુકામાંથી ૧ છાત્રાલય મંજુર કરવામાં આવ્યા છે. જયારે સંસ્થા એજયુકેશન એકટ હેઠળ નોંધાયેલ ન હોય તેવા બેંક બેલેન્સ સર્ટીફિકેટ રજુ કર્યુ ન હોય કે સંસ્થા પોતાની માલિકીનુ મકાન ન ધરાવતી હોય તે અંગેના પુરાવાનુ જોડાણ ન કર્યુ હોય તેવા કીસ્સામાં અરીજીઓ નામંજુર કરવામાં આવી છે.

### ● જિલ્લામાં ૪૩૪૦ કન્યાઓને સાયકલનુ વિતરણ

જિલ્લામાં સરસ્વતી સાધના યોજના અન્વયે વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી આ પૈકી કેટલી મંજુર કરવામાં આવી ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ આ માટે કુલ ૪૪૭૧ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૪૩૪૦ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જયારે આ તમામ લાભાર્થી કન્યાઓને સાયકલનુ વિતરણ કરવામાં આવ્યુ છે.

## સસ્પેન્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રજૂઆત નહી કરવા દઈ તેમને સસ્પેન્ડ કરવાનું પગલું લોકશાહીને ગળે ટૂંપો દેવા સમાન છે, રાજયના ખેડૂતો આ માટે ભાજપને માફ નહી કરે. ગુજરાત વિધાનસભામાં આજે કૃષિ વિભાગની માંગણીઓ અને ખેડૂતોના પ્રશ્નોને લઈ ચર્ચા ચાલી રહી હતી તે દરમ્યાન વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્ય વીરજી ઠુમ્મરે ભાજપ સરકાર પર જોરદાર પ્રહારો કર્યા હતા અને નક્કર હકીકતો સાથે ભાજપ સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી કૃષિમંત્રી આર.સી.ફળદુ ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા અને તેમના પ્રવચન દરમ્યાન વીરજી ઠુમ્મરનું નામ લેતાં ઠુમ્મરે પોતાની બેઠક પરથી ઉભા થઈ વિરોધ શરૂ કર્યો હતો. વીરજી ઠુમ્મરે ખેડૂતોના પ્રશ્ને જવાબ આપવાની ઉગ્ર માંગ કરી હતી અને વિરોધ ચાલુ રાખ્યો હતો અને વેલ તરફ ધસી ગયા હતા. જેથી અધ્યક્ષે વારંવાર વીરજી ઠુમ્મરને સૂચના આપી બેસી જવા અનુરોધ કર્યો હતો પરંતુ વીરજી ઠુમ્મરે નહી બેસતા અધ્યક્ષ નારાજ થયા હતા અને આખરે ઠુમ્મરને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હતો.

## હેલ્લો ફ્રેન્ડ્સ !

● ચોથા પાનાનું ચાલું...

મોરલીનું મન નહોતું પણ ભૂખ અત્યંત લાગી હોવાથી નિસર્ગ નિયમને કારણે એ જમવા બેઠી. અને એકવાર બેઠી એટલે થાળી એણે ચોખ્ખી કરી નાંખી. એને થોડી હાશ થઈ. હૉલમાં આવીને જોયું તો એને આશ્ચર્ય થયું, માંડ એક એક મિનિટ આગળ ખસ્તી ઘડિયાળ પંદર મિનિટ સડસડાટ ફરી ગઈ હતી. અને આ પંદર મિનિટમાં એ ટેન્શન ફ્રી થઈ હતી. એ મહર્ષિને ભૂલી ગઈ હતી. ટેમ્પરરી એ સાચ્ચે જ રિલેક્સ થઈ હતી. અને વીજળીનો ચમકારો થાય એમ એ ચમકી કે 'સમય' યસ ! આ પસાર ન થનારો સમય જ એની સાસુના વર્તનમાં આવેલો ચેન્જ હતો. અને 'ખાવું' એ એમણે એ માટે શોધેલો પર્યાય હતો. મોરલીનું મન ભરાઈ આવ્યું. બચારાં સાસુ, સસરાના નિધન બાદ આ સમય એમને ખાઈ જતો હશે. એવો તો વિચાર જ કર્યો નહોતો !

મોબાઈલની રિંગ વાગી અને મોરલીની તંદ્રા તુટી, 'હું અડધા કલાકમાં ફ્લાઈટમાં બેસું છું.' મોરલીનું મન હળવું થઈ ગયું, પણ એ મહર્ષિનો ફોનના કારણે કે સાસુનો સતાવતા પ્રશ્નનો જવાબ મળવાને કારણે ? મોરલીએ સાસુને હવે સવાર-બપોર-સાંજ પૂછીને જ જમવાનું બનાવી એમને ખાવાના ચક્કરમાંથી બહાર કાઢ્યા હતા.

'મમ્મી, સાંજે કઢી - ખીચડી - કારેલાંનું શાક બનાવું છું. તમને ભાવ છે ને ?' મમ્મી રાજી થઈ ગયા, ચાલો દીકરો આવે છે એની ખુશીમાં વહુ પણ ઠેકાણે આવી ગઈ...

ચૂંટલો :

સમયની સરકતી રેત પર કયારેક આંચકાજનક ફેરફાર નજીકના સ્વજનોમાં આવતા હોય છે. શાંતિથી થોડું ધ્યાન રાખીએ તો હલ મળી જાય અને પછી બંને પક્ષે ખુશીનો માહોલ છવાઈ જાય. સમય અનુસાર સોલ્યુશન શોધીને સુખી રહેવું. બાકી સમય કયાં કોઈનો સગો થાય છે ?

## નક્સલી હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હુમલામાં હાથ હોવાની શંકા છે. દરમિયાન નક્સલ વિરોધી ઓપરેશનસ્પેશિયલ ડીજી ડીએમ અવસ્થીએ કહ્યુ છે કે એક પેટ્રોલ ટુકડી ગાડીમાં જઈ રહી હતી ત્યારે રસ્તામાં નક્સલવાદીઓએ આઈઈડી બ્લાસ્ટ કર્યો હતો. નક્સલી હુમલા અંગે માહિતી મળ્યા બાદ તરત જ વધારાના પોલીસ જવાનો અને અન્ય સુરક્ષા જવાનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. નક્સલવાદીઓવારંવાર હુમલા કરતા રહ્યા છે. અ પહેલા ગયા વર્ષે એપ્રિલ મહિનામાં સુકમામાં નક્સલવાદીઓએ છુપો હુમલો કર્યો હતો. આ હુમલામાં ૨૫ જવાન શહીદ થયા હતા. આ તમામ જવાનો સીઆરપીએફના ૭૪મી બટાલિયનના હતા. જવાનોની ટીમ રોડ ઓપનિંગ માટે જઈ રહી હતી ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો. સીઆરપીએફ ભોજન માટેની તૈયારી કરી રહ્યા હતા ત્યારે નક્સલવાદીઓએ અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. નક્સલવાદીઓએ ગયા વર્ષે ૨૫મી એપ્રિલના દિવસે પણ ભીષણ હુમલો કર્યો હતો જેમાં સીઆરપીએફના ૨૫થી વધુ જવાનો શહીદ થયા હતા. તે પહેલા ૨૫મી મે ૨૦૧૩ના દિવસે સુકમા જિલ્લામાં ૧૦૦૦થી વધારે નક્સલવાદીઓની ટોળકીએ કોંગ્રેસની પરિવર્તન યાત્રા ઉપર હુમલો કર્યો હતો. આમા ૨૫ લોકોના મોત થઈ ગયા હતા. મોટાભાગના કોંગ્રેસી કાર્યકર હતા. ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૧૦ના દિવસે દાંતેવાડાના વન્ય વિસ્તારમાં નક્સલવાદીઓએ સૌથી ભીષણ હુમલો કર્યો હતો જેમાં ૭૫ જવાન સહિત ૭૬ લોકોના મોત થયા હતા.

## ટીબી મુક્ત

● અનુસંધાન પહેલાનું ચાલુ

લડાઈ જરૂરી બની છે. ભારતમાં ટીવીનો પ્રભાવ સૌથી વધારે છે, ગરીબ લોકો તેનો સૌથી વધુ ભોગ બને છે. આ પ્રસંગે વડાપ્રધાને કહ્યું હતું કે દુનિયામાંથી ટીબીનો અંત કરવા માટે ૨૦૩૦નો સમય નક્કી કરવામાં આવ્યો છે, પરંતુ ભારતે આ લક્ષ્ય ૨૦૨૫નું રાખ્યું છે. અમે નવી રણનીતિ સાથે ટીબીને દેશમાંથી સમાપ્ત કરવાનું શરૂ કરી દીધું છે. ભારત આ લડાઈમાં પ્રાઈવેટ સેક્ટરને પણ શામેલ કરી રહ્યું છે.

વડાપ્રધાને કહ્યું હતું કે, ટીબીને ભારતમાંથી જડમૂળથી ઉખાડી ફેંકવા માટે રાજ્ય સરકારોનો મહત્વનો રોલ છે, કેન્દ્ર અને રાજ્ય આ મિશનને આગળ ધપાવશે. મેં પોતે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને આ મિશનમાં શામેલ થવાની અપીલ કરી છે. ટીબીના દર્દીઓ બાબતે વડાપ્રધાને કહ્યું હતું કે, ટીવીનો દર્દી જે રીતે પોતાની ઈચ્છાશક્તિ દ્વારા આ બિમારી સામે વિજય મેળવે છે, તે અન્ય માટે પણ પ્રેરણાનું કામ કરે છે. મારો દ્રઢ વિશ્વાસ છે કે દર્દીઓની ઈચ્છાશક્તિ અને પોતાની assionate TB workersની મદદથી ભારતની સાથોસાથ દુનિયાનો દરેક દેશ પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં સફળ રહેશે.